રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂકોનો ફીકસ પગાર પર "ખાસ ભથ્થું" આપવા તેમજ તેમની સેવાની શરતોમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૧૦/૨૦૧૫

સંદર્ભ- (૧) નાણા વિભાગનો તા.૧૬/૨/૨૦૦૬નો ઠરાવ ક:ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) નાણા વિભાગનો તા.૧/૮/૨૦૦૬નો ઠરાવ ક:ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૩) સા.વ. વિભાગનો તા.૪/૬/૨૦૦૯ નો ઠરાવ ક:સીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩/૭૧૭/ગ.૫
(૪) નાણા વિભાગનો તા.૨૯/૪/૨૦૧૦નો ઠરાવ ક:ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૫) નાણા વિભાગનો તા.૬/૧૦/૨૦૧૧નો ઠરાવ ક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨) /ઝ.૧
(૬) નાણા વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૪નો ઠરાવ ક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨) /ઝ.૧

// આમુખ //-

સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ના ઠરાવોથી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂકો કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઠરાવો સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક બાબતની શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે. સંદર્ભ-(૬)ના તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવથી સંદર્ભ (૧)ના ઠરાવથી નિયત કરવામાં આવેલ ફીકસ પગારના દરોમાં સુધારો કરવામાં આવેલ છે.

છેલ્લા કેટલાંક સમયથી ઉકત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફીકસ પગારમાં તેમજ તેઓની સેવાની શરતોમાં સુધારો કરવા બાબતે રાજય સરકારને રજુઆતો મળેલ હતી. સંદર્ભ (૬)થી નિયત કરેલ ફીકસ પગારની રકમ સુધારવાની તેમજ આ ફીકસ પગારના કર્મચારીઓની સેવાની શરતોમાં સુધારો કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

// ઠરાવ //

રાજય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ (ક)ના ઠરાવથી માસિક ફીક્સ પગારના નક્કી કરેલા પગાર પર "ખાસ ભથ્થું" આપવા તેમજ આ ફીક્સ પગારના કર્મચારીઓની સેવાની શરતોમાં સુધારો કરવાનો નિર્ણય કરેલ છે.

૧. ફિક્સ પગારમાં નીચે મુજબ વધારો સુચવવામાં આવેલ છે.

| ક્રમ | તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ મુજબ નિયત થયેલ ફિક્સ પગાર | ફીક્સ પગાર ઉપર માસિક "ખાસ ભથ્થું" | "ખાસ ભથ્થા" ઉપર વાર્ષિક વધારો |
|---|---|---|---|
| ૧ | રૂ.૭૧૦૦ | રૂ.૧૯૦૦ | રૂ.૧૫૦૦ |
| ૨ | રૂ.૭૮૦૦ | રૂ.૨૨૦૦ | રૂ.૧૫૦૦ |
| ૩ | રૂ.૧૩૫૦૦ | રૂ.૧૫૦૦ | રૂ.૧૫૦૦ |
| ૪ | રૂ.૧૩૭૦૦ | રૂ.૧૮૦૦ | રૂ.૧૫૦૦ |

૨. મહેનતાણાનું રક્ષણ.

ફિક્સ પગારના કર્મચારી સમાન કક્ષાની કે, ઉપલી કક્ષાની ફિક્સ પગારની અન્ય સંવર્ગની જગ્યામાં જોડાય તો તેને જે "ખાસ ભથ્થા" સહિતનું મહેનતાણું મળે છે તેનાથી ઓછું મહેનતાણું આપી શકાશે નહિં. આમ કરતાં "ખાસ ભથ્થું" સહિતની વધારાની મળતી રકમને અંગત મહેનતાણું તરીકે ગણવાની રહેશે. આ મુજબ કરવાથી તેઓને મળવાપાત્ર પ્રવરતામાં કોઇ ફેરફાર મળવાપાત્ર થશે નહિં.

૩. ફીક્સ પગારના કર્મચારીને નીચે મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ આપવામાં આવે છે.

| ક્રમ | રોકાણનો સમયગાળો | તા.૧૮/૯/૨૦૧૪ના ઠરાવ મુજબ નિયત થયેલ દૈનિક ભથ્થુ | નિયમિત કર્મચારીને મળતા ભથ્થા મુજબ સૂચિત વધારો. |
|---|---|---|---|
| ૧ | ૬ કલાક થી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાણ | રૂ.૫૦ | રૂ.૧૨૦ |
| ૨ | ૧૨ કલાકથી વધુ | રૂ.૧૦૦ | રૂ.૨૪૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | મુસાફરી ખર્ચ | રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ / જો રેલવે ધ્વારા પ્રવાસ હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટૂંકામાં ટૂંકા રૂટનું રેલવે ભાડુ | નિયમિત કર્મચારીને મળતા રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ / રેલવે ભાડુ મળવાપાત્ર થશે. |

૪. <u>રજાઓ.</u>

| ક્રમ | હાલ મળવાપાત્ર રજાઓ. | સૂચિત વધારાની રજાઓ. |
|---|---|---|
| ૧ | ૧૨ પરચૂરણ રજા. | કર્મચારીને અન્ય આકસ્મિક સંજોગો માટે વાર્ષિક ૧૫ રજાઓ વધારાની મળશે. આ રજાઓ આગામી વર્ષમાં કેરીફોરવર્ડ કરી શકાશે. પરંતુ આવી રજાઓ ૩૦ થી વધુ જમા થઇ શકશે નહિં. આ રજાઓ કોઇપણ હેતુ માટે વાપરી શકશે. જેને ખાસ રજા તરીકે ગણવાની રહેશે. |
| ૨ | - | કર્મચારીની પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલી ગંભીર ઇજાના સંજોગોમાં તેઓને ખાસ રજા મંજૂર કરવા સંબંધિત વિભાગ નાણા વિભાગની મંજૂરી મેળવી રજા મંજૂર કરી શકશે. અને આ રજાના સમયગાળાનો નિયમાનુસાર પગાર-ભથ્થાં મળવાપાત્ર થશે. |

૫. <u>તબીબી સારવારના લાભો.</u>

ફિક્સ પગારના કર્મચારી પતિ, પત્ની અને બાળકોના કિસ્સામાં તબીબી સારવારના લાભો માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની "<u>મા વાત્સલ્ય</u>" યોજનાની પેટર્ન મુજબ "મા કર્મયોગી" યોજનાની શરૂઆત કરવામાં આવશે.

૬. <u>ગેરવર્તણૂંક.</u>

ગુ.રા.સે.(વ) નિયમો-૧૯૭૧ના નિયમો મુજબની વર્તણૂંક અપેક્ષિત છે. ગેરવર્તણૂંક કે ફરજ બજાવવાની યોગ્યતાના/ક્ષમતાના અભાવે એક માસની નોટીસ અથવા એક માસના ફીક્સ પગારનું ચૂકવણૂં કરી નોટીસ આપ્યા સિવાય સેવાનો અંત લાવી શકાય છે. આમ એક માસની નોટીસ કે રાજીનામું મંજૂર થયા બાદ છુટા થઇ શકાય.

કેટલીક વાર ફિક્સ પગારના કર્મચારીઓને વાજબી કારણો સિવાય છૂટા કરવાના બનાવો બનતા હોવાની રજૂઆત મળેલ છે. આથી, આ કર્મચારીઓને છુટા કર્યા હોય તો તેની સામે તે સંબંધિત વિભાગના સચિવશ્રીને રજૂઆત કરી શકશે જેઓ આ અંગે

૭. <u>વધારાની કામગીરી માટે મહેનતાણું.</u>

ફિક્સ પગારના કર્મચારીને સમાન અથવા ઉપલી જગ્યાનો વધારાનો હવાલો સોંપવામાં આવે તો આ ફિક્સ પગારના કર્મચારીને મળવાપાત્ર મહેનતાણાના પાંચ ટકા/ દસ ટકા વધારાનું મહેનતાણું મંજૂર કરવામાં આવશે. આ ઉપરાંત આ કર્મચારીઓ દ્વારા કોઇ ચોક્કસ વધારાની કામગીરી કરેલ હશે તો તે અંગે તેઓને અન્ય કર્મચારીઓ માફક જરૂરી મહેનતાણું મળવાપાત્ર થશે.

૮. <u>ગુજરાત સરકાર દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા માટે રજા.</u>

ફિક્સ પગારના કર્મચારી ગુજરાત સરકાર દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા માટે રજાની માંગણી કરે તો કચેરીની વહીવટી અનુકૂળતા ધ્યાને લઇ ખાતાના વડા / કચેરીના વડા અધિકૃત ગેરહાજરી મંજૂર કરવા માટે પોતાની વિવેક બુધ્ધિના આધારે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેશે.

૯. <u>અકસ્માત / કુદરતી મૃત્યુના કિસ્સામાં વીમા કવચ.</u>

કરાર આધારિત ફિક્સ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળના રૂ. બે લાખના પેકેજમાં આવરી લેવામાં આવશે. આ અંગેનું પ્રીમિયમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવશે. આ અંગેનો અંદાજિત વાર્ષિક ખર્ચ રૂ.૧૨ લાખ થશે.

આ ઠરાવનો અમલ તા.૧/૧૦/૨૦૧૫ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી.પી.પટેલ )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર